# S.U.G. College of Education, Vasna, Ahmedabad

## Semester-1

## EPC-2

## Art in Education

## શિક્ષણમાં કલા

Dr. Darshana M. Patel

# 2.2 નાટક : થિયેટર ,મોનો એક્ટિંગ ,મિમિક્રી ,સ્કીટ ,વન એક્ટ પ્લે ,માઈમ ,ડાયલોગ્સ અને સંવાદ ડિલિવરી

- નાટકનો અર્થ :
- “ નાટક એ આંગિક ,વાચિક ,આહાર્ય અને સાત્વિક અભિનય યુક્ત દૃશ્ય –શ્રાવ્ય અભિવ્યક્તિ છે .”
- લખાયેલી સ્ક્રીપ્ટના સંવાદોની પ્રસ્તુતિ દ્વારા પાત્રોને અનુરૂપ વેશભૂષા દ્વારા ,અભિનય દ્વારા ,સુંદર દૃશ્યો દ્વારા મંચ ઉપર ભજવવામાં આવે તે નાટક .
- “ કોઈ એક ઘટિત ઘટના કે બનાવ કે અવસ્થાના પુન : નિર્માણની કલા એટલે નાટક “

# અભિનયના પ્રકાર :

- ભરતમુનિએ અભિનયના ચાર પ્રકાર દર્શાવ્યા છે .

1. આંગિક  - અંગો દ્વારા
2. વાચિક  -વાણી દ્વારા
3. આહાર્ય – રંગભૂષા ,વેશભૂષા
4. સાત્વિક – ભાવો દ્વારા

આપણા જૂના ગ્રંથોમાં ચાર વેદની રચના છે . તેમાં -

- ઋગ્વેદ -રુચા
- યજુર્વેદ -અભિનય
- સામવેદ -સંગીત
- અથર્વવેદ - રસ

ચાર વેદના આધારે પાંચમો વેદ નાટ્યશાસ્ત્રની રચના થઇ હોવાનું માનવામાં આવે છે .

# નાટકોના લક્ષણો :

- ભરતમૂનિનો નાટ્યશાસ્ત્ર ગ્રંથ એ આ વિષયનો સૌથી પ્રાચીન ગ્રંથ છે .
- અગ્નિપુરાણમાં નાટકના લક્ષણો વગેરેનું નિરૂપણ છે.
- તેમાં દર્શાવ્યા મુજબ નાટક કલ્પિત નહીં પણ જાણીતા કોઈ બનાવ પર લખવું જોઈએ .
- તે અનેક રસોવાળું હોવું જોઈએ.
- તેમાં પાંચથી દસ અંક હોવા જોઈએ .
- નાટકનો મુખ્ય રસ શૃંગાર અને વીર હોય,બીજા રસ ગૌણપણે આવે .
- ઉપસંહારમાં મંગળ હોવું જોઈએ .
- નાટકની શરૂઆતમાં મંગલાચરણ થાય તેને પૂર્વરંગ કહે છે.
- તે પછી સૂત્રધાર આવી સભાના વખાણ કરે છે.
- ત્યાર પછી નાયક -નાયિકા અને સૂત્રધાર પરસ્પર વાર્તાલાપ કરે છે .
- જેમાં નાટકની બાબત ,કવિના વંશનું વર્ણન વગેરે હોય છે .
- જેને પ્રસ્તાવના કહેવામાં આવે છે .
- જે ઇતિવૃત લઈને નાટક રચવામાં આવે તેને વસ્તુ કહે છે .

# નાટ્યક્રિયાના મૂળમાં ત્રણ મુખ્ય બાબતો હોય છે .

- 1. ચિત્તમાંથી ઉદ્‌ભવતી ક્રિયાઓ ,ભાવ અને લાગણીઓ
- 2. કેટલીક પ્રતિક્રિયાઓ (Reactions)
- 3. બાહ્ય જગતમાંથી જ્ઞાનતંતુ દ્વારા ચિત્ત તરફ જતી ક્રિયાઓ અને તેથી ઉલટી ક્રિયાઓ .આ ક્રિયાપ્રક્રિયાની સુસંબંધ અને ક્રમિક રજૂઆત .

  આ તમામ આંતરક્રિયાઓને તાલીમબધ્ધ રીતે તૈયાર કરી તેને

- -વિષયવસ્તુ
- -પાત્રો
- -સંવાદ
- -વિભિન્ન આંતરક્રિયાઓ  દ્વારા દૃશ્યમાન -શ્રાવ્યમાન સ્વરૂપ આપવું એટલે નાટક .

- ભારતમાં વૈદિકકાળથી નાટકોને વધુ વેગ મળ્યો હોવાનું મળી આવે છે .
- રાજા - મહારાજાઓ પોતાના મનોરંજન માટે મહેલોમાં રંગશાળા(નાટ્ય ગૃહો )ની રચના કરતા
- ભારતની નાટ્યકલાની અસર ચીન ,કોરિયા ,જાપાન જાવા ,સુમાત્રા જેવા દેશોમાં પહોંચી ગઇ છે .

# નાટકનો શિક્ષણમાં પ્રવેશ :

- નાટકનો શિક્ષણમાં પ્રવેશ કરાવવામાં  યુરોપની સ્કૂલ ઓફ એક્ટિંગ થીયેટરનો ફાળો મહત્વનો છે .
- યુરોપમાં સ્કૂલ ઓફ  એક્ટિંગ ,થિયેટર ટ્રેનિંગની તાલીમ આપતી 300 થી વધુ સંસ્થાઓ છે .
- ઈ .સ 1967 માં 26 ઓક્ટોબરે બર્મિંગ હામ યુનિ .માં થિયેટરના    અભ્યાસક્રમની રચના કરવામાં આવી .
- કેનેડામાં પણ ચિલ્ડ્રન ડ્રામા થિયેટરે શિક્ષણમાં નાટકને જોડીને શિક્ષણકાર્ય શરુ કરવામાં આવ્યું .
- યુરોપમાં સૌથી પહેલાં યુનિ.માં નાટ્ય શિક્ષણ શરુ કરનાર જર્મની છે .
- સ્ટોકહોમ યુનિ.તેમજ પેરિસ ,રોમ ,અંકારા ,પ્રાગ ,ઓસ્લો માં નાટ્યશાસ્ત્રને લગતા પ્રયોગો થયા .
-  આમ  શિક્ષણ અને નાટ્યશાસ્ત્રને જોડવાનો ઉપક્રમ થયો .

# નાટ્ય સાથે જોડાયેલ લોકો પાસે અપેક્ષિત ગુણ :

- સહજવૃત્તિ ,ચેતનવંત અને સરળતા
- હુન્નર -શક્તિ એના અંકુશમાં હોય
- ભાવ -વાહન કરી શકે એવું ચિત્ત
- નિયંત્રિત નાડીતંત્ર
- આંતરિક વૃત્તિઓને બાહ્યરૂપે પ્રગટ કરવાની ક્ષમતા
- ભાવોનું  ચેષ્ટામાં અને ક્રિયામાં રૂપાંતર કરવાની આવડત .

# નાટ્યકારો

**ભારતીય**

- ભરતમુનિ
- જયશંકર સુંદરી
- સિધ્દ્ધાર્થ રાંદેરિયા
- સૌમ્ય જોશી

**પાશ્ચાત્ય**

- જ્યોર્જ બર્નાડ શો
- શેકસપિયર








જયશંકર સુંદરી



સિધ્ધાર્થ રાંદેરિયા



સૌમ્ય જોશી



જ્યોર્જ બર્નાડ શો



શેકસપિયર

# નાટકના પ્રકારો :

- 1. કોમેડી (પ્રહસન )
- 2 .શેરી નાટક
- 3 .માઈમ
- 4 .એકપાત્રીય અભિનય
- 5 .રોલ પ્લે

# એકપાત્રીય અભિનય :

- એકપાત્રીય અભિનયમાં એક જ પાત્ર(એક જ વ્યક્તિ) દ્વારા નાટકની રજૂઆત કરવામાં આવે છે .
- આવા એકપાત્રીય નાટકોને મોનોલોગ પણ કહી શકાય .
- વ્યક્તિ પોતે જ સ્વગત બોલે છે .
- 5 થી 10 મિનીટનો સમય આપવામાં આવે છે .
- પાત્ર પોતાના અભિનય દ્વારા પોતાનો સંદેશો પ્રેક્ષકો સુધી પહોંચાડે છે .
- એકપાત્રીય અભિનયમાં આંગિક ,વાચિક,આહાર્ય અને સાત્વિક એમ ચારેય બાબતોને ધ્યાનમાં લેવામાં આવે છે .

# પાત્ર ભજવવાની શૈલી : એકપાત્રીય અભિનયમાં પાત્ર ભજવવાની બે શૈલી પ્રચલિત છે .

## માત્ર એક જ પાત્રનો અભિનય

- અભિનેતા અથવા અભિનેત્રી કોઈ એક જ કિરદારનો અભિનય કરે છે .

## અનેક પાત્રોનો અભિનય

- અભિનેતા અથવા અભિનેત્રી નાટયાંશમાં રહેલ તમામ પાત્રોનો અભિનય સ્થાન બદલતા રહીને કરે છે .

# એકપાત્રીય અભિનય અને વેશભૂષા :

- એકપાત્રીય અભિનય એ અભિનય કલા છે . આથી  વેશભૂ ષાનું ઓછું મહત્વ છે .
- પરંતુ વેશભૂષાની બહુ મોટી અસર પ્રેક્ષકો પર થતી હોય છે .
- સ્પર્ધાઓમાં વેશભૂષાનું ગુણાંકન કરવામાં આવતું નથી .
- જો કે તેમ છતાં –
- પાત્રની ઐતિહાસિકતા ,
- પ્રમાણભૂત ગણવેશ
- પ્રાદેશિક વેશભૂષા
- પાત્રના અલંકારો
- વસ્ત્રોની બારીક જાણકારીઓ
- પહેરવાની રીત અને ઉપયોગ કરવાની રીત વગેરે ઉચિત હોવું જોઈએ .

- પાત્રનાં પહેરવેશને લગતા વિરોધાભાસો ઉજાગર થાય તેવી પરિસ્થિતિ નિવારવી જોઈએ .
- દા.ત.
- ઋષિ અને ચશ્માં
- અંધ વ્યક્તિના હાથમાં ઘડિયાળ
- મીરાંબાઈને લિપસ્ટિક
- નરસિંહ મહેતાના હાથમાં પંજાબી કડું
- પૌરાણિક પાત્રને જૅકેટ
- વિવિધ વિસ્તારોના લોકોની ઓળખાણ તેમના પહેરવેશ અને પાઘડી કે ટોપી ઉપરથી થતી હોય છે .
- વિવિધ પ્રકારના તિલક વગેરે પણ તે પાત્રની ઓળખ હોય છે .

# એકપાત્રીય અભિનય અને પાર્શ્વ સંગીત :

- પાર્શ્વ સંગીત(background music ) અને ધ્વનિ અસરો (Sound effect ) એ પાત્રોના અભિનયમાં પૂરક અસર ઊભી કરે છે .
- દા.ત .
- વરસાદનો અવાજ
- તાળીઓનો ગડગડાટ
- વીજળીના કડાકા
- ઘંટારવ ... વગેરે જેવા
- અનેક અવાજો યોજી શકાય .



- માત્ર ધ્વનિ અને પ્રકાશના સંયોજન અને પાત્રની વેધક રજૂઆત એકપાત્રીય અભિનયને સફળ બનાવે છે .

- એકપાત્રીય અભિનયમાં
- ઘટનાઓ
- પ્રસંગો
- વાસ્તવિક પરિસ્થિતિઓ
- ઐતિહાસિક પાત્રો
- રાજકીય ,ધાર્મિક ,સામાજિક નેતાઓ
- મહાન વૈજ્ઞાનિકો ,ગણિતજ્ઞ
- ખગોળશાસ્ત્રીઓ
- કલાકારો
- વ્યક્તિઓના જીવન ચરિત્ર આધારિત પાત્રોની ભજવણી કરી શકાય .
- દા.ત. ગાંધીજી કે મધર ટેરેસા
- તેમના જીવનકાળના મૂલ્યો
- સપનાઓ
- અપેક્ષાઓ અંગે સુંદર રજૂઆત કરી શકાય .

# એકપાત્રીય અભિનયમાં શિક્ષકની ભૂમિકા :

- સૌ પ્રથમ શિક્ષકે વિષય વસ્તુની પસંદગી કરવી જોઈએ .
- ત્યારબાદ સ્વગત ઉચ્ચારણ કરી શકે તેવા સુંદર સંવાદોની સ્ક્રીપ્ટ રચના કરવી જોઈએ .
- સ્ક્રિપ્ટની રચના કરવા માટે યોગ્ય દૃષ્ટિકોણ અપનાવવો જોઈએ .
- એકપાત્રીય અભિનય ભજવી શકે તેવા બાળકોની પસંદગી કરવી જોઈએ .
- સ્ક્રિપ્ટ આધારિત તેને અભિનયની તાલીમ આપવી જોઈએ.
- બોલવાની છટા શીખવવી જોઈએ .
- સ્ટેજની ભૌતિક સુવિધાની ચકાસણી કરી લેવી જોઈએ .
- પાત્રો આધારિત વેશભૂષા છે કે નહીં તેની ચકાસણી કરી લેવી જોઈએ .
- મર્યાદિત હલનચલન ,મર્યાદિત અભિનય ,સંવાદો વગેરેનું શિક્ષકે ધ્યાન રાખવું જોઈએ .
- અભિનયની રજૂઆત વખતે સંવાદો બોલતી વખતે આરોહ -અવરોહનું ધ્યાન રાખવું જોઈએ .


Thank You!